# ભાજપ પ્રદેશની સૂચના, સુમુલમાં પ્રમુખ-ઉપપ્રમુખ સ્વતંત્ર રીતે બધા નિર્ણયો લેશે

**ભાજપના** બે જૂથ વચ્ચેની ખેંચતાણથી પ્રદેશ મોવડીમંડળ નારાજ; 15 ભાજપના ડિરેક્ટરો સાથે બેઠકમાં જૂથના પ્રભાવશાળી ડિરેક્ટરોને ખખડાવ્યાની ચર્ચા

સુરતઃ સુમુલ ડેરીમાં પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે નવા ચહેરાઓને જવાબદારી સોંપ્યા બાદ પણ જૂથબંધી શમતી ન હોવાથી ભાજપ પ્રદેશ સંગઠને હવે કડક વલણ અપનાવ્યું છે. સોમવારે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા (પંચાલ) એ સુમુલ ડેરીના ભાજપના 15 ડિરેક્ટરો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરત રાઠોડ અને પ્રભારી ગૌતમ ગેડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. ડિરેક્ટરોની વન-ટુ-વન રજૂઆતો સાંભળ્યા બાદ પ્રદેશના આગેવાનોએ બંને જૂથના પ્રભાવશાળી ડિરેક્ટરોને સ્પષ્ટ સૂચનાઓ આપી હોવાની સૂત્રોમાં ચર્ચા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, સુમુલ ડેરીના વર્તમાન વહીવટ અને નવા પ્રોજેક્ટ્સ અંગેના નિર્ણયો પ્રમુખ કાંતીભાઈ ગામિત અને ઉપપ્રમુખ ભરતસિંહ સોલંકી, સંગઠનના હોદ્દેદારો, ડેરીના હોદ્દેદારો સાથે સંકલન કરી 15 ડિરેક્ટરની સહમતિ સાથે જ કોઈપણ નિર્ણય લેશે. કોઈપણ કામ માટે સામાન્ય ડિરેક્ટર સીધી દખલગીરી કરશે નહીં. પ્રદેશ ભાજપ સંગઠન સ્થાનિક જિલ્લા સંગઠનને જે માર્ગદર્શન આપશે, તે મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટે નિર્ણયો લેવાના રહેશે. પ્રથમ બોર્ડ મીટિંગ બાદ ઉપપ્રમુખ ભરતસિંહ સોલંકી સામે સોશિયલ મીડિયામાં ટિપ્પણીઓ શરૂ થતાં વિવાદ પ્રદેશ મોવડીમંડળ સુધી પહોંચ્યો હતો. બંને જૂથો વચ્ચે સોશિયલ મીડિયા મેસેજ, હરીફ ડિરેક્ટરોની બેઠકો અને મંડળીઓ સામેના આક્ષેપો ઉપરાંત નાના અને મોટા દૂધ વિતરકો વચ્ચેના વિવાદે પણ સંગઠનની ચિંતા વધારી છે.

પ્રદેશ સંગઠનની બેઠકમાં માનીતી દૂધ મંડળીઓને લોન આપવા તેમજ જૂનાં લેણાંની વસૂલાત ન કરવા ડિરેક્ટરો દ્વારા દબાણ કરવામાં આવતું હોવાની રજૂઆત પણ પ્રદેશ સંગઠન સમક્ષ થઈ હોવાનું જાણવા મળે છે. આ મુદ્દે ડેરી કોઈ ખાનગી સંસ્થા નહીં, પરંતુ સુરત અને તાપી જિલ્લાના લાખો પશુપાલકોના હિત સાથે જોડાયેલી સહકારી સંસ્થા હોવાનું જણાવી બાકી નાણાંની કડક વસૂલાત કરવા સૂચના અપાઈ હોવાના અહેવાલ છે. પ્રદેશની સૂચનાઓનો અમલ કેટલો થાય છે અને બંને જૂથો વચ્ચેની ખેંચતાણ અટકે છે કે નહીં, તેના પર હવે સહકારી ક્ષેત્રની નજર રહેશે.

# ચોવીસ કલાકમાં જિગ્નેશ મેવાણી સામે બે ફરિયાદ, રાજકીય ગરમાવો

**ગાંધીનગરમાં** સરકારી ફરજમાં રૂકાવટ હોબાળો, ધમકી અને આચારસંહિતા ભંગના આક્ષેપ

**મેવાણીનો** વળતો પ્રહારઃ 'દરેક ફરિયાદ મારા માટે મેડલ, થાય એટલા ભડાકા કરી લેજો'

## પેથાપુરમાં મેવાણી સમર્થકો સાથે પહોંચ્યાનો આક્ષેપ

પેથાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, 8 ઓક્ટોબરની રાત્રે ચૂંટણી પ્રચાર દરમિયાન વોર્ડ નંબર-4ના કોંગ્રેસના ઉમેદવાર યુનુસ પરમાર અને તેમના સાથીઓ સામે ભાજપના પ્રચારકને ધમકી આપવાની અરજી મળી હતી. સંજરી પાર્ક વિસ્તારમાં ભાજપના પ્રચારક ભાવેશ ભાવસારને પ્રચાર નહીં કરવા અને વિસ્તારમાં નહીં આવવા ચેતવણી અપાઈ હોવાનો આક્ષેપ છે. ફરિયાદમાં ગંભીર પરિણામોની ધમકી આપ્યાનો પણ ઉલ્લેખ છે. આ જ ઘટનાના અહેવાલમાં અન્ય પ્રચારક નિલેશ પંચાલે પણ પોલીસને લેખિત અરજી આપી હોવાની વિગતો સામે આવી છે. આ અરજીના અનુસંધાને પોલીસ યુનુસ પરમારની પૂછપરછ કરી રહી હતી ત્યારે જિગ્નેશ મેવાણી પોતાના સમર્થકો સાથે પોલીસ સ્ટેશનના રાઇટર રૂમમાં પ્રવેશ્યા અને બૂમાબૂમ કરી પોલીસની કામગીરીમાં અવરોધ ઊભો કર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે.

## સેક્ટર-13 પોલીસ ચોકીમાં હોબાળોનો આરોપ

બીજી ફરિયાદ સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પોલીસના જણાવ્યા મુજબ, ચૂંટણી પ્રચાર દરમિયાન ધમકીની અરજીના અનુસંધાને મુનાફ હબીબભાઈ પઠાણને પૂછપરછ માટે સેક્ટર-13 પોલીસ ચોકીમાં બોલાવવામાં આવ્યા હતા. આ દરમિયાન મોડી રાત્રે જિગ્નેશ મેવાણી, સાકીર રાઠોડ, નાસીર ઉર્ફે પિન્ટુ મેમણ અને અન્ય સમર્થકો ત્યાં પહોંચ્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ, મેવાણીએ પોલીસ ચોકીમાં 'અહીંનો ઇન્ચાર્જ કોણ છે?', 'મુનાફને કેમ લાવ્યા છો?' અને 'તમારી દાદાગીરી કાઢી નાખીશ' જેવાં ઉગ્ર શબ્દોનો ઉપયોગ કરીને બોલાચાલી કરી હતી.

ગાંધીનગરઃ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના મતદાન પૂર્વે કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સામે 24 કલાકમાં બે અલગ-અલગ પોલીસ ફરિયાદ નોંધાતાં રાજકીય ગરમાવો વધી ગયો છે. પેથાપુર પોલીસ સ્ટેશન અને સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદોમાં પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ, પોલીસ સ્ટેશન અને ચોકીમાં હોબાળો, પૂછપરછ હેઠળના વ્યક્તિને બહાર લઈ જવા, ચૂંટણી આચારસંહિતાના ભંગ તથા સોશિયલ મીડિયા મારફતે તણાવ ફેલાવવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. પેથાપુરના કેસમાં પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. દેસાઈ પોતે ફરિયાદી બન્યા છે. બીજી તરફ, મેવાણીએ કહ્યું કે, 'પ્રત્યેક FIR મારા માટે મેડલ સમાન છે; થાય એટલા ભડાકા કરી લેજો, હું ડરવાનો નથી.'

# મતદાર યાદી સુધારણાઃ પ્રથમ રવિવારે નવાં નામ માટે 6,626 ફોર્મ ભરાયાં

**ચાર** રવિવાર સુધી ચાલનારી ખાસ ઝુંબેશમાં પ્રથમ દિવસે જ મતદારોનો ઉત્સાહ

સુરતઃ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત નવા મતદારોનાં નામ નોંધવા માટે રવિવારથી ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ચાર રવિવાર સુધી ચાલનારી આ ઝુંબેશના પ્રથમ દિવસે જ સુરત જિલ્લાની વિવિધ વિધાનસભા બેઠક પરથી નવા નામ દાખલ કરવા માટે કુલ 6,626 ફોર્મ મળ્યાં હતાં. અત્યાર સુધીમાં કુલ 8,293 ફોર્મ મળ્યાં હોવાનું જાણવા મળ્યું છે. આગામી ત્રણ રવિવારે પણ ખાસ ઝુંબેશ ચાલુ રહેશે.

## નવાં આવેલાં ફોર્મ

| વિધાનસભા | નવા ફોર્મ |
|---|---|
| ઓલપાડ | 458 |
| માંગરોળ | 248 |
| માંડવી | 464 |
| કામરેજ | 1035 |
| સુરત પૂર્વ | 239 |
| સુરત ઉત્તર | 372 |
| વરાછા | 102 |
| કરંજ | 110 |
| લિંબાયત | 416 |
| ઉધના | 319 |
| મજૂરા | 248 |
| કતારગામ | 341 |
| સુરત પશ્ચિમ | 376 |
| ચોર્યાસી | 741 |
| બારડોલી | 537 |
| મહુવા | 620 |
| કુલ | 6626 |

## નામ કમી કરવા 474 અને સુધારા માટે 7,523 ફોર્મ

મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન માત્ર નવાં નામ ઉમેરવા જ નહીં, પરંતુ યાદીમાંથી નામ કમી કરવા અને વિગતોમાં સુધારા માટે પણ અરજીઓ મળી રહી છે. રવિવારની ખાસ ઝુંબેશમાં નામ કમી કરવા માટે 474 ફોર્મ ભરાયાં હતાં. જ્યારે મતદાર યાદીમાં નામ સહિતની વિગતો સુધારવા માટે 7,523 ફોર્મ મળ્યાં હતાં.

# 21ઓક્ટો.થી સુરતથી ખાટુ શ્યામજી અને ઉજ્જૈનની સ્પેશિયલ ટ્રેન

**IRCTCની** ભારત ગૌરવ ટ્રેનમાં સુરતથી ચઢવા-ઊતરવાની સુવિધા

સુરતઃ દિવાળીની આસપાસ ધાર્મિક યાત્રાનું પ્લાનિંગ કરતાં સુરતના શ્રદ્ધાળુઓ માટે સારા સમાચાર છે. IRCTCની ભારત ગૌરવ પર્યટક ટ્રેન દ્વારા રાજસ્થાન, ખાટુ શ્યામજી અને ઉજ્જૈનની યાત્રા કરવાનો અવસર મળશે.

આ વિશેષ ટ્રેન 21 ઓક્ટોબર 2026 ના રોજ સોલાપુરથી ઉપડશે, પરંતુ તેમાં સુરત સ્ટેશનથી પણ ચઢવા અને ઉતરવાની સુવિધા રાખવામાં આવી છે. તેથી દક્ષિણ ગુજરાતના યાત્રિકોને સોલાપુર કે મુંબઈ સુધી જવાની જરૂર નહીં પડે.

આ 11 રાત અને 12 દિવસના ટૂરમાં 7 મુખ્ય ધાર્મિક અને પર્યટન સ્થળોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ઉદયપુર, નાથદ્વારા, પુષ્કર, જોધપુર, જયપુર, ખાટુ શ્યામજી અને ઉજ્જૈનના દર્શનનો સમાવેશ થાય છે. IRCTC અનુસાર આ યાત્રાને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને હવે ગણતરીની જ સીટો બાકી છે. ત્રણ શ્રેણીમાં ભાડાનો વિકલ્પયાત્રીઓના બજેટ મુજબ ત્રણ શ્રેણી રાખવામાં આવી છે. સ્લીપર ઈકોનોમી શ્રેણીનું ભાડું 18,670 રૂપિયા પ્રતિ વ્યક્તિ, સ્ટાન્ડર્ડ 3ACનું 29,200 રૂપિયા અને કમ્ફર્ટ 2AC નું 38,040 રૂપિયા પ્રતિ વ્યક્તિ છે.

પેકેજમાં પસંદ કરેલી શ્રેણી મુજબ રેલ યાત્રા, હોટલમાં શેરિંગ બેસિસ પર રોકાણ, સમગ્ર ટૂર દરમિયાન શાકાહારી ભોજન, લોકલ પરિવહન, સ્થળ દર્શન, યાત્રા વીમો અને IRCTC ટૂર મેનેજરની સેવાઓ સામેલ છે.આ ટ્રેનમાં સોલાપુર, કુર્દુવાડી, દૌંડ, પુણે, લોનાવલા, કલ્યાણ, વસઈ રોડ, સુરત, વડોદરા અને રતલામ એમ 10 સ્ટેશનોથી ચઢવા-ઉતરવાની વ્યવસ્થા રાખવામાં આવી છે.

# દિવ્યેશ પાસે કરોડોના બિટકોઈન ક્યાંથી આવ્યા? વેચીને નાણાં ક્યાં ટ્રાન્સફર થયાં?

**CID** ક્રાઇમ અને EDની બિટકોઇન કૌભાંડની તપાસ છતાં વ્યવહારોની કડીઓ મેળવવામાં એજન્સીઓ નિષ્ફળ

**દુબઈથી** સાઇપ્રસ સુધીની હવાલા ચેનલનો ઉપયોગ પણ દિવ્યેશ દરજી EDની રિમાન્ડમાં સહકાર નહીં આપતો હોવાની રાવ



સુરતઃ કરોડો રૂપિયાના બિટકોઈન ક્રિપ્ટોકરન્સી વ્યવહારોના આરોપી દિવ્યેશ દરજીના કેસમાં સૌથી મહત્ત્વના સવાલો હજુ પણ કેન્દ્ર સ્થાને છે. વર્ષ 2016-17માં દિવ્યેશ દરજીએ બિટકોઈન ક્યાંથી મેળવ્યા, તેને વેચવા માટે કોની મદદ લીધી અને વેચાણમાંથી મળેલી રકમ કયા ખાતામાં તથા કોને ટ્રાન્સફર કરવામાં આવી? 2018થી CID ક્રાઈમની તપાસ અને ત્યાર બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની કાર્યવાહી છતાં આ વ્યવહારોની સંપૂર્ણ કડી સ્પષ્ટ થઈ છે કે નહીં તે અંગે સવાલો ઊભા થયા છે. આ કેસમાં બિટકોઈન અપાવનાર, વેચાણમાં મદદ કરનાર અને વિદેશમાં નાણાં ટ્રાન્સફર કરાવવામાં કથિત ભૂમિકા ભજવનાર સુરતના કેટલાક લોકોનાં નામ હોવાના દાવા પણ ચર્ચામાં છે. તેમ છતાં, તપાસનો વ્યાપ માત્ર દિવ્યેશ દરજી અને તેના કથિત સાગરીતો પૂરતો રહ્યો કે ક્રિપ્ટો કરન્સીનાં મૂળ સ્રોતથી લઈને અંતિમ લાભાર્થી સુધીની કડી શોધવામાં આવી, તે તપાસનો મહત્ત્વનો મુદ્દો છે. EDનાં સૂત્રોના જણાવ્યા મુજબ બિટકોઈનનાં નાણાંને અન્ય ચલણમાં રૂપાંતરિત કરવા માટે દુબઈ, અબુધાબી, રિયાધ, ઓમાન, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા અને સાઈપ્રસ સહિતનાં સ્થળોની કથિત નાણાકીય ચેનલોનો ઉપયોગ થયો હતો. આરોપી તરફે દલીલ કરવામાં આવી હતી કે તેમણે તપાસમાં સહકાર આપ્યો છે, ફેબ્રુઆરી 2025માં રહેઠાણ સહિતનાં સ્થળોએ સર્ચ દરમિયાન ઈલેક્ટ્રોનિક ઉપકરણોની તપાસ કરવામાં આવી હતી. ચાર કરોડ રૂપિયાથી વધુની સ્થાવર-જંગમ મિલકતો જપ્ત કરવામાં આવી હતી. હવે ED માટે મુખ્ય પડકાર બિટકોઈનનો મૂળ સ્રોત, વેચાણની કડી, વિદેશમાં નાણાં મેળવનારા અને કથિત હવાલા વ્યવહારોમાં સામેલ લોકોની ભૂમિકા પુરાવા સાથે સ્થાપિત કરવાનો છે.

# હવે પડતર પ્રશ્ને નોંધણી અને સ્ટેમ્પ વિભાગના કર્મીઓ આંદોલનના માર્ગે

**સુરત** કલેક્ટર તેજસ પરમાર અને અધિક નોંધણી સરનિરીક્ષકને આવેદનપત્ર આપ્યું

## 2 નવેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળની ચીમકી

ત્યારબાદ 15 ઓક્ટોબરે કચેરીના કામકાજ દરમિયાન કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ નોંધાવશે. 17 ઓક્ટોબરે સવારે 11 વાગ્યે કચેરીની કામગીરી સંબંધિત તમામ વોટ્સએપ ગ્રૂપમાંથી બહાર નીકળીને વિરોધ વ્યક્ત કરવામાં આવશે. આંદોલનના ચોથા તબક્કામાં 22 ઓક્ટોબરે તમામ કર્મચારીઓ દ્વારા સામૂહિક રજા (માસ સીએલ)નો કાર્યક્રમ યોજવામાં આવશે. આ તમામ કાર્યક્રમો છતાં કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો 2 નવેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરવાની ચીમકી આપવામાં આવી છે.

સુરતઃ મહેસૂલ વિભાગ હેઠળના નોંધણી અને સ્ટેમ્પ વિભાગના કર્મચારીઓએ પડતર સેવા વિષયક તથા વહીવટી પ્રશ્નોનું લાંબા સમયથી નિરાકરણ નહીં આવતાં આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. ગુજરાત રાજ્ય રજિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ કર્મચારી મંડળ દ્વારા આજે સુરત જિલ્લા કલેક્ટર તેજસ પરમાર અને અધિક નોંધણી સરનિરીક્ષક કે.જી.વાઘેલાને આવેદનપત્ર આપીને કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી. રાજ્યની સબ-રજિસ્ટ્રાર કચેરીઓ મિલકતોની નોંધણી અને સ્ટેમ્પ ડ્યૂટી મારફતે સરકારને મહેસૂલી આવક પૂરી પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આમ છતાં, નોંધણી પ્રભાગના કર્મચારીઓના સેવા સંબંધિત અને વહીવટી પ્રશ્નો લાંબા સમયથી પડતર હોવાનો કર્મચારી મંડળે આક્ષેપ કર્યો છે. વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર કે હકારાત્મક પરિણામ આવ્યું નથી. કર્મચારીઓની ન્યાયિક માગણીઓ અંગે સંબંધિત તંત્ર દ્વારા સંતોષકારક કાર્યવાહી કરવામાં આવી નથી. એટલું જ નહીં, પ્રશ્નોના ઉકેલ માટે સંવાદ સાધવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો નથી. પરિણામે હવે આંદોલનાત્મક કાર્યક્રમો દ્વારા સરકાર અને વહીવટી તંત્રનું ધ્યાન દોરવાનો નિર્ણય લેવાયો છે. કર્મચારી મંડળના કાર્યક્રમ મુજબ, 12 ઓક્ટો.એ જિલ્લા અને ઝોન કક્ષાએ કલેક્ટર અને અધિક નોંધણી સરનિરીક્ષકને આવેદનપત્ર અપાયું છે.

# ઉદયપુર વંદે ભારતથી રાજસ્થાન જતી ખાનગી બસોમાં ટ્રાફિક ૧૫ ટકા ઘટ્યો

**ટ્રેન** રોજ ફુલ જઈ રહી છે, આગામી દિવસોમાં ૧૫થી વધુ વેઈટિંગ

સુરતઃ સુરતથી રાજસ્થાન તરફ જતી ખાનગી બસોની મુસાફરી પર હવે આધુનિક રેલ સર્વિસની સીધી અસર જોવા મળી રહી છે. તાજેતરમાં શરૂ થયેલી સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને મુસાફરો તરફથી મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદને કારણે ખાનગી બસોના પેસેન્જર ટ્રાફિકમાં ૧૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. આરામદાયક, સમયસર અને સુરક્ષિત સફર માટે લોકો હવે ખાનગી બસોના બદલે વંદે ભારત ટ્રેનને પ્રથમ પસંદગી આપી રહ્યા છે.

હાલમાં આ ટ્રેન ૧૦૦ ટકા ઓક્યુપન્સી સાથે દોડી રહી છે અને આગામી આખા અઠવાડિયાનું બુકિંગ ફુલ થઈ ગયું છે. ખાસ કરીને વીકએન્ડ દરમિયાન ધસારો વધી રહ્યો છે, જેમાં ૧૪ અને ૧૫ ઓક્ટોબરે ચેર કાર તથા એક્ઝિક્યુટિવ ક્લાસ બંનેમાં ૧૫થી વધુનું વેઈટિંગ જોવા મળી રહ્યું છે.

સુરતથી ઉદયપુરનું ચેર કારનું ભાડું ૧,૫૧૫ અને એક્ઝિક્યુટિવ ચેર કારનું ભાડું ૨,૭૧૦ છે. આ ટ્રેનમાં ૬ સામાન્ય ચેર કાર કોચ છે. પ્રત્યેકમાં ૭૮ સીટ અને ૧ એક્ઝિક્યુટિવ કોચ ૫૬ આરામદાયક સીટ છે, જેમાંથી હાલ સૌથી વધુ ડિમાન્ડ એક્ઝિક્યુટિવ ક્લાસની જોવા મળી રહી છે. શામળાજી અને શ્રીનાથજી જતા દર્શનાર્થીઓ માટે આ ટ્રેન ખૂબ જ સગવડભરી સાબિત થઈ રહી છે.

મુસાફરો હિંમતનગર પાસે અરવલ્લીની પહાડીઓના મનમોહક નજારા મોટી કાચની બારીઓમાંથી જોઈને સુરક્ષિત અને આહલાદક મુસાફરીનો આનંદ માણી રહ્યા છે. નવરાત્રિથી દિવાળી સુધી ઉદયપુરમાં પર્યટન સીઝન ચરમસીમાએ હોવાથી આગામી દિવસોમાં આ રૂટ પર યાત્રીભાર હજુ વધશે તેવી આશા છે.

# 5 જ દિ'માં વરસી ગયો સિઝનનો 48 ટકા વરસાદ

**સુરત** જિલ્લામાં 31 જુલાઈએ 221.92 મિ.મી. સાથે સિઝનનો સૌથી ભારે વરસાદ

**30** વર્ષના સરેરાશ કરતાં 16 ટકા વધુ વરસાદ નોંધાયો, જુલાઈમાં જ 1,379 મિ.મી. ખાબક્યો

સુરતઃ સુરત જિલ્લામાં વર્ષ 2026 દરમિયાન વરસાદની પેટર્નમાં ભારે અસમાનતા જોવા મળી છે. 6 ઓક્ટોબર સુધીમાં જિલ્લામાં 30 વર્ષના સરેરાશ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. જુલાઈ મહિનામાં એકલા 78.5 ટકા વરસાદ વરસ્યો હતો, જ્યારે સૌથી વધુ વરસાદ નોંધાયેલા પાંચ દિવસોમાં આખા સમયગાળાના વરસાદનો આશરે 48.2 ટકા હિસ્સો નોંધાયો હતો. આ આંકડા દર્શાવે છે કે વરસાદનું પ્રમાણ જેટલું મહત્ત્વનું છે, એટલી જ મહત્ત્વની તેની તીવ્રતા અને સમયગાળામાં થતી એકાગ્રતા છે.

## સતત વરસાદી સ્પેલે સ્થિતિ બદલી

14 જુલાઈથી 18 ઓગસ્ટ દરમિયાન 36 દિવસના ગાળામાં 933.67 મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત 29 જૂનથી 8 જુલાઈ દરમિયાનના માત્ર 10 દિવસમાં 633.33 મિ.મી. વરસાદ પડ્યો હતો. વર્ષ દરમિયાન કુલ 77 વરસાદી દિવસ નોંધાયા હતા. તેમાં 25 મિ.મી. કે તેથી વધુ વરસાદવાળા 18 દિવસ, 50 મિ.મી. કે તેથી વધુ વરસાદવાળા 10 દિવસ અને 100 મિ.મી. કે તેથી વધુ વરસાદવાળા પાંચ દિવસનો સમાવેશ થાય છે.

## વરસાદી પેટર્નના મહત્ત્વના આંકડા

» 6 ઓક્ટોબર સુધી કુલ વરસાદ 1,757.67 મિમી » 30 વર્ષના સરેરાશ કરતાં 16.08% વધુ » જુલાઈનો વરસાદ 78.5% » પાંચ દિવસનો વરસાદ 48.2%

સુરત જિલ્લામાં વર્ષ 2026ના ચોમાસામાં વરસાદની પેટર્નમાં ભારે અસમાનતા જોવા મળી છે. 6 ઓક્ટોબર સુધીમાં જિલ્લાના સરેરાશ વરસાદનો આંકડો 1,757.67 મિ.મી.એ પહોંચ્યો છે, જે 30 વર્ષના 1,514 મિ.મી.ના સરેરાશ કરતાં 16.08 ટકા વધુ છે. આ વરસાદનું વિતરણ સમગ્ર ચોમાસા દરમિયાન એકસરખું રહ્યું નથી. માત્ર પાંચ દિવસમાં જ કુલ વરસાદના આશરે 48.2 ટકા ખાબક્યા હતા. જુલાઈ મહિનામાં અતિભારે વરસાદ અને ત્યારબાદના મહિનાઓમાં પ્રમાણમાં ઓછા વરસાદે જિલ્લાની વરસાદી પેટર્નને સ્પષ્ટ રીતે બે તબક્કામાં વહેંચી દીધી હતી. સિઝનના કુલ વરસાદનો મોટો હિસ્સો જુલાઈમાં જ કેન્દ્રિત રહ્યો હતો. જુલાઈનો વરસાદ કુલ સિઝનલ વરસાદના આશરે 78.5 ટકા જેટલો થાય છે. દિવસવાર આંકડામાં 31 જુલાઈ સૌથી ભારે રહ્યો હતો. આ દિવસે જિલ્લા સરેરાશ 221.92 મિ.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે અંબિકા વિસ્તારમાં મહત્તમ 565 મિ.મી. વરસાદ ખાબક્યો હતો. ત્યારબાદ 7 જુલાઈએ 219.25 મિ.મી., 23 જુલાઈએ 149.58 મિ.મી., 22 જુલાઈએ 146.75 મિ.મી. અને 3 જુલાઈએ 110.25 મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ પાંચ દિવસના વરસાદે સમગ્ર સિઝનના આંકડાને નોંધપાત્ર ઊંચાઈએ પહોંચાડ્યો હતો.

## ચાર મહિનામાં પડેલો વરસાદ

| | |
|---|---|
| જૂન | 91.25 મીમી |
| જુલાઈ | 1379.50 મીમી |
| ઓગસ્ટ | 134.67 મીમી |
| સપ્ટેમ્બર | 152.25 મીમી |

## સૌથી વધુ વરસાદના દિવસો

| | |
|---|---|
| 31 જુલાઈ, 2026 | 221.92 મિમી |
| 7 જુલાઈ, 2026 | 219.25 મિમી |

## તાલુકાવાર વરસાદ

અંબિકા સૌથી વધુ 2,739 મિમી
ઉમરપાડા બીજા ક્રમે 2,651 મિમી
માંડવી સૌથી ઓછો 956 મિમી

# પીપોદરામાં સાથી કારીગરની હત્યા કરનાર બેને આજીવન કેદની સજા

**તું** કેમ વધારે બોલે છે? તેમ કહી મૃતકનું માથું દીવાલ સાથે અથડાવી હત્યા કરાઈ હતી

સુરતઃપીપોદરા શ્રી હરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની સામે નવી બનતી કંપનીના ત્રીજા માળે જમવા બેઠેલા કારીગરો વચ્ચે નજીવી બાબતે ઝઘડો થતાં સાથી કારીગરને ઢીકમુક્કીનો માર મારી માથું દિવાલ સાથે અથડાવી હત્યા કેસમાં બે આરોપીને એડીશ્નલ સેશન્સ કોર્ટના જજ દેવેન્દ્ર સુરેશભાઈ જોષીએ દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

આ કેસની ફરિયાદ મુજબ તા. ૦૪/૦૫/૨૦૨૨ ના રોજ પીપોદરા ખાતે પ્રકાશ સિનેમા ગલીમાં શ્રી હરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની સામે નવી બનતી કંપનીના ત્રીજા માળે મરણજનાર દલપતસિંગ, આરોપીઓ તથા અન્ય સાહેદો સાથે મળીને જમવાનું બનાવીને જમતા હતા. તે દરમિયાન મરણજનાર સાથે આરોપીઓને તું કેમ વધારે બોલે છે? તેમ કહીને બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આરોપી હરીકરણ પુન્ના નિસાર અને છત્રપાલ રાજાભૈયા નિસારે એકબીજાની મદદગારી કરી મરણજનાર દલપતસિંગને ઢીક-મુક્કીનો માર મારી, માથાનો ભાગ દીવાલ સાથે અથડાવીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

મૃતકનું સારવાર દરમિયાન તા. ૧૧/૦૫/૨૦૨૨ ના રોજ નવી સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ નીપજ્યું હતું. કોસંબા પોલીસે નોંધાયેલા ગુનામાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ નો ઉમેરો કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી એડીશ્નલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી દિપેશ દવેએ હાજર થઈ પુરાવા સાથે રજુઆત કરી હતી.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### કોંગ્રેસના આગેવાનોને...

બીજી તરફ નાનપુરા ખાતે કોંગ્રેસ કાર્યાલય સામે ભાજપના મહિલા મોરચાને વિરોધ પ્રદર્શન યોજવા દેવામાં આવ્યું હતું. હદ તો ત્યાં સુધી થઈ હતી કે ભાજપના મહિલા મોરચાના પ્રદર્શનને રસ્તો બંધ કરીને મુક્ત રીતે વિરોધ પ્રદર્શન કરવા દેવાની સુવિધા પણ આપવામાં આવી હતી. વિરોધ પ્રદર્શન થઈ ગયા બાદ ભાજપના મહિલા મોરચાના આગેવાનોની પોલીસે અટકાયત કરી હતી.

આ દરમિયાન કોંગ્રેસના કેટલાક કાર્યકરો તેમજ આગેવાનો કલેક્ટર કચેરી તરફ જતાં તેઓ ત્યાં પહોંચે તે પહેલાં જ તેના આગેવાનોની અટકાયત થઈ હતી. ભાજપના કાર્યકરોને કોંગ્રેસ કાર્યાલય સુધી પહોંચવા અને ત્યાં સૂત્રોચ્ચાર કરવા દેવા અને કોંગ્રેસના આગેવાનોને પહેલેથી જ અટકાવી દેવાની કામગીરી પોલીસની કાર્યવાહી નિયમો અને કાયદો-વ્યવસ્થાની જરૂરિયાતને આધારે થઈ હતી કે રાજકીય દબાણની અસર હતી, તે અંગે સવાલો ઊભા થયા છે.

સુરતના એક જ દિવસે યોજાયેલા બંને કાર્યક્રમોએ વિરોધ પ્રદર્શનની સ્વતંત્રતા, પોલીસની નિષ્પક્ષતા અને સત્તાધારી પક્ષ તથા વિરોધ પક્ષ સાથેના વ્યવહાર અંગે નવી ચર્ચા જગાવી છે.

### કોંગ્રેસની રેલી...

અટકાયત કરવામાં આવી હોવાનો દાવો કરીને તેમણે પોલીસની કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા હતા.

### ભાજપ મહિલા...

કાર્યકરો અને બહાર ઊભેલી ભાજપની મહિલાઓ વચ્ચે સામસામે સૂત્રોચ્ચાર અને શાબ્દિક ટકરાવ થયો હતો. બાદમાં પોલીસ અને ભાજપની મહિલા કાર્યકરો વચ્ચે ખેંચતાણ થતાં પોલીસે વિરોધ કરી રહેલી મહિલાઓને ડિટેઇન કરીને પોલીસ વાનમાં બેસાડી હતી. સમગ્ર વિસ્તારમાં વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

### પોલીસે સ્થળ...

પાઉચ અને ઘી બનાવવાની અન્ય મશીનરી તથા સાધનો મળી કુલ્લે રૂ.18,21,163 ની મત્તા કબ્જે લીધી છે.

### એક મહિનાથી...

અને સોયાબીન તેલ ગરમ કરી ઘી બનાવતા હતા અને પોતાની સારસ નામની બ્રાન્ડ બોટલમાં પેક કરી સુરત ગ્રામ્ય વિસ્તારમાં એક કિલો 500 રૂપિયામાં અને 500 ગ્રામ 300 રૂપિયામાં વેચાણ કરતા હતા. વગર લાયસન્સે ધંધો ધમ ધમતો હતો. રોજના 500 થી 700 કિલો ઘી બજારમાં વેચતા હતા.

### ફરી સુરતમાં...

પોલીસે કાર્યવાહી તેજ કરી છે. ઉત્રાણ પોલીસે અબ્રામા રોડ પર આવેલા માધવ કેમ્પસના ગોડાઉનમાં દરોડો પાડી શંકાસ્પદ ઘી બનાવવાના કારખાનાનો પર્દાફાશ કર્યો છે. ફૂડ સેફ્ટી અધિકારીઓને સાથે રાખીને કરવામાં આવેલી કાર્યવાહીમાં 1694 કિલોગ્રામ ઘી, કાચો માલ અને મશીનરી સહિત કુલ રૂ.18,21,163નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે પિતા પુત્ર સહિત ત્રણને અટકાયતમાં લીધા છે.

પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ, ઉમરા-અબ્રામા રોડ પર આવેલા માધવ કેમ્પસના પતરાના શેડવાળા ગોડાઉન નંબર-18માં શંકાસ્પદ ઘી બનાવી તેનું વેચાણ કરવામાં આવે છે. આ બાતમીના આધારે પોલીસની ટીમે ફૂડ સેફ્ટી અધિકારીઓને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. તહેવારો દરમિયાન ખાદ્ય પદાર્થોની માંગ વધતી હોય છે ત્યારે શંકાસ્પદ ઘીના ઉત્પાદન અને વેચાણનો મામલો સામે આવતાં આરોગ્યની દૃષ્ટિએ ચિંતા ઊભી થઈ છે. જપ્ત કરાયેલા ઘીના જથ્થાની ગુણવત્તા અને તેમાં ભેળસેળ થઈ છે કે કેમ તે અંગે ફૂડ સેફ્ટી વિભાગની તપાસ મહત્વની રહેશે. પોલીસ કમિશનર વાબાંગ જમીર, અધિક પોલીસ કમિશનર (સેક્ટર-2) મહેન્દ્ર બગડિયા, ડીસીપી (ઝોન-5) લખધીરસિંહ ઝાલા અને એસીપી (એલ-ડિવિઝન) પાર્થ ચોવટીયાના માર્ગદર્શન હેઠળ ઉત્રાણ પોલીસ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા તત્ત્વો સામે તપાસ કરી રહી હતી. દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર એચ.આર. ગોસ્વામીની આગેવાનીમાં ઉત્રાણ પોલીસે આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### દિવાળીમાં ફરવા...

આયોજન કરવું ખિસ્સા પર ભારે પડી શકે છે. દિવાળી વેકેશન આડે દોઢ મહિનો બાકી છે ત્યારે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક હવાઈ મુસાફરીનાં ભાડાંમાં નોંધપાત્ર વધારો થયો છે. ટૂર ઓપરેટરોના જણાવ્યા મુજબ, આંતરરાષ્ટ્રીય પ્રવાસનાં પેકેજમાં 20થી 30 ટકાનો વધારો થયો છે, જ્યારે સ્થાનિક પ્રવાસનાં પેકેજ પણ મોંઘા બન્યાં છે. બીજી તરફ, વિદેશમાં બાલી, થાઇલેન્ડ અને વિયેતનામ પ્રવાસીઓનાં મનપસંદ સ્થળો બન્યા છે, જ્યારે દેશમાં કેરળ, કાશ્મીર અને ગોવા તરફ પ્રવાસીઓનો ઝુકાવ જોવા મળી રહ્યો છે. દિવાળી વેકેશનના લગભગ બે મહિના અગાઉથી જ પ્રવાસ માટેની પૂછપરછ અને પેકેજ બુકિંગ શરૂ થઈ જાય છે. આ વર્ષે હવાઈ ભાડામાં થયેલા વધારાને કારણે પ્રવાસીઓએ વધુ ખર્ચ કરવાની તૈયારી રાખવી પડશે. સુરતના એક ટૂર ઓપરેટરના જણાવ્યા મુજબ, અગાઉ બાલી, થાઇલેન્ડ અને વિયેતનામ જેવા આંતરરાષ્ટ્રીય સ્થળો માટે વ્યક્તિદીઠ રૂ.70થી 80 હજારનું પેકેજ મળતું હતું, જે હવે વધીને રૂ.1થી 1.25 લાખ સુધી પહોંચ્યું છે. દુબઈની આવવા-જવાની હવાઈ ટિકિટ અગાઉ રૂ.45થી 50 હજારમાં મળતી હતી, જે હવે રૂ.1થી 1.25 લાખ સુધી પહોંચી હોવાનું ટૂર ઓપરેટરો જણાવી રહ્યા છે. સ્થાનિક પ્રવાસનાં પેકેજમાં પણ મોટો તફાવત જોવા મળી રહ્યો છે. દક્ષિણ ભારત, હિમાચલ પ્રદેશ અને કાશ્મીર જેવા સ્થળોની ટૂર માટે અગાઉ વ્યક્તિદીઠ આશરે રૂ.35 હજારનો ખર્ચ થતો હતો, જે હવે વધીને રૂ.55થી 70 હજાર સુધી પહોંચ્યો છે. ટૂર ઓપરેટરોના જણાવ્યા મુજબ, મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિને કારણે એર ફ્યુઅલના ભાવમાં થયેલા વધારાની અસર હવાઈ ભાડાં પર પડી છે. પરિણામે, દિવાળીની રજાઓમાં વિદેશ પ્રવાસનું આયોજન કરતા પરિવારોના બજેટમાં વધારો થયો છે.

હવાઈ ભાડાં મોંઘાં થતાં પ્રવાસીઓ હવે વિકલ્પો પણ શોધી રહ્યા છે. ગુજરાતની નજીકનાં સ્થળોએ ખાનગી વાહનથી પ્રવાસ કરવાનું પસંદ કરતા લોકોની સંખ્યા વધી રહી છે. બીજી તરફ, સૌરાષ્ટ્ર તરફ વતન જવા માટે ખાનગી બસોમાં પણ બુકિંગનો ધસારો જોવા મળી રહ્યો છે.

## હવાઈ ભાડા વધતાં NRIની અવરજવર ઘટવાની શક્યતા

અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં સ્થાયી થયેલા એનઆરઆઈ ખાસ કરીને ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ઠંડીના કારણે ભારત આવતા હોય છે. જોકે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય હવાઈ ભાડામાં થયેલા ભારે વધારાની અસર તેમની અવરજવર પર પણ પડી રહી હોવાનું ટૂર ઓપરેટરો જણાવી રહ્યા છે. મુસાફરીનો ખર્ચ વધી જતાં ભારત આવવાનું આયોજન કરતા કેટલાક એનઆરઆઈની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હોવાનું તેમનું કહેવું છે.

## મોંઘવારીના માર વચ્ચે નજીકનાં સ્થળો તરફ પ્રવાસીઓનો ઝુકાવ

હવાઈ મુસાફરી અને ટૂર પેકેજ મોંઘા બનતાં પ્રવાસીઓ હવે બજેટને ધ્યાનમાં રાખીને નજીકનાં સ્થળોની પસંદગી કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવાં સ્થળોએ પોતાના ખાનગી વાહનમાં ફરવા જવાનું ચલણ વધ્યું છે. આવા પ્રવાસ માટે લોકો અગાઉથી હોટેલ બુકિંગ પણ કરાવી રહ્યા છે. ટૂર ઓપરેટરોના જણાવ્યા મુજબ, દિવાળી વેકેશનમાં છેલ્લી ઘડીએ હોટેલ ન મળે તેવી સ્થિતિ ટાળવા પ્રવાસીઓ બે મહિના અગાઉથી જ રૂમ બુક કરાવી રહ્યા છે.

# ફોરેક્સ ટ્રેડિંગ-એકાઉન્ટ અનફ્રીઝના નામે 1.18 કરોડની ઠગાઈમાં 1 પકડાયો

**સુરતમાં** પરિવારજનો અને મિત્રોને ઊંચા વળતરની લાલચ આપી રોકાણ કરાવ્યું અને ભાગી ગયા

સુરતઃ ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરાવી ઊંચું વળતર આપવાની લાલચ આપી અને ત્યારબાદ બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરાવવાના નામે જરી વેપારીના પરિવારજનો તથા મિત્ર પાસેથી રૂ.૧.૧૮ કરોડથી વધુની છેતરપિંડીના પ્રકરણમાં લાલગેટ પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. આરોપીને કોર્ટમાં રજૂ કરી બે દિવસનાં રિમાન્ડ મેળવ્યાં છે.

ફરિયાદ મુજબ વર્ષ-૨૦૨૨માં કૃણાલ અશોકભાઈ રાણા અને આદિત્ય ઠક્કરે સૈયદપુરાની વાવ શેરીમાં રહેતા શૈલેષ કંચનલાલ રાણા તથા તેમના નાના ભાઈ કિશોર રાણાનો સંપર્ક કરી ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી લાલચ આપી હતી. શૈલેષભાઈ મારફતે અન્ય સગાંસંબંધીઓ અને મિત્રોને પણ રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શૈલેષભાઈએ વર્ષ-૨૦૨૪ સુધીમાં રોકાણના નામે રૂ.૧૪.૬૮ લાખ જેટલી રકમ ચૂકવી હતી. જોકે, નાણાં પરત માંગતાં આરોપીઓએ બેંક એકાઉન્ટ ફ્રીઝ થઈ ગયાનું જણાવી અનફ્રીઝ કરાવવા વધુ રૂ.5 લાખની માંગણી કરી હતી. ત્યારબાદ સોનાના દાગીના ગીરવે મૂકી, વ્યાજે નાણાં મેળવી તથા ક્રેડિટ કાર્ડમાંથી રકમ ઉપાડીને વધુ રૂ.૪.૫૦ લાખ ચૂકવ્યા હતા. આમ, એકાઉન્ટ અનફ્રીઝ કરાવવાના નામે પણ રૂ.૯.૫૦ લાખ પડાવવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર-૨૦૨૪માં કૃણાલ રાણા અને આદિત્ય ઠક્કર સુરત છોડી જતા રહ્યા હતા અને તેમના ફોન બંધ થઈ ગયા હતા. પોલીસે આદિત્ય નિલેશભાઈ ઠક્કર (ઉં.વ.૨૮) (રહે.,૫૦૩, પાલવ એપાર્ટમેન્ટ, ચોર્યાસી ડેરી, અંબાજી રોડ, સુરત)ને પકડી લઈ કોર્ટમાં રજૂ કરી બે દિવસનાં રિમાન્ડ મેળવ્યાં છે. જ્યારે અન્ય આરોપીઓને તપાસ શરૂ કરી છે.